NAVSARI AGRICULTURAL UNIVERSITY
ડૉ. હેમંત આર. શર્મા
વિસ્તરણ શિક્ષણ નિયામક

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
E-mail : dee@nau.in, Website : www.nau.in

विकसित भारत अभियान 1947 TO 2047

વંચાણ : તારીખ ૧૧/૧૦/૨૦૨૫ ના રોજ માનનીય કુલપતિશ્રી સાથે થયેલ ચર્ચાના આદેશાનુસાર

# પરિપત્ર

વિકાસ સમાહ અંતર્ગત "કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ – ૨૦૨૫ દરમ્યાન વ્યક્તિગત વાહનનો ઉપયોગ કરનાર વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રી ને માઈલેજ ભથ્થું આપવા બાબત...

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે રાજ્ય સરકારશ્રી દ્વારા આયોજિત તા. ૧૪ અને ૧૫ ઓક્ટોમ્બર, ૨૦૨૫ દમમિયાન બે દિવસિય તાલુકા કક્ષાના કાર્યક્રમમાં નવસારી કૃષિ યુનિવર્સિટી ક્ષેત્રમાં આવતા દક્ષિણ ગુજરાતના સાત જીલ્લાઓ પૈકીના કુલ ૫૦ તાલુકામાં તાલુકા કક્ષાએ કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન સ્ટોલ ગોઠવવાની કામગીરી કરવાની થાય છે. આ કૃષિ મહોત્સવમાં તાલુકા કક્ષાના વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ સ્થળ ઉપર સમયસર પહોંચી શકે એ માટે યુનિવર્સિટી દ્વારા તાલુકા કક્ષાએ નિયુક્ત કરેલ વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ શક્ય હોય ત્યાં સુધી જે તે જીલ્લામાં આવતા મુખ્ય અને પેટા કેન્દ્રો તથા કેવિકેના વાહનોનો ઉપયોગ કરવો અને વાહનમાં થતો ડીઝલ-ઓઈલ વિગેરે ખર્ચ જે તે સંબંધિત કચેરીના બજેટ સદરમાં કરવાનો રહેશે. પરંતું જે તે જીલ્લામાં યુનિવર્સિટીના વાહનોની સગવડતા અપૂરતી હોય એવા કિસ્સામાં તાલુકા કક્ષાએ ફાળવેલ ટીમના તાલુકા નોડલશ્રીએ જીલ્લા નોડલશ્રીની મંજૂરી લઈ તાલુકા કક્ષાએ કોઈપણ એકજ વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીના વ્યક્તિગત વાહનનો ઉપયોગ કરવાનો રહેશે અને માઈલેજ ભથ્થાનો ખર્ચ જે તે વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીની સંબંધિત કચેરીમાં કરવાનો રહેશે. વ્યક્તિગત વાહનનો ઉપયોગ કરનાર વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ માઈલેજ ભથ્થાનો દર નાણા વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક: મસભ/૧૦૨૦૧૨/૭૬૧/ચ, સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૨/૦૩/૨૦૨૨ મુજબ આકારવાનો રહેશે. આ પરિપત્રનો અમલ ફક્ત ઉપરોક્ત કાર્યક્રમ માટેજ કરવાનો રહેશે જેની ખાસ નોંધ લેવી.

(signature) 13.10.25
વિસ્તરણ શિક્ષણ નિયામક

જા. ન. નકૃયું/વિશિનિ/ટી ૩/ વેબ- 16 /૨૦૨૫
નવસારી તા. ૧૩/૧૦/૨૦૨૫